**મનપા બન્યાના એક વર્ષ બાદ વાપી મનપાના અધિકારીઓ હવે એક્શન મોડમાં, જૂની શાકભાજીના વેપારીઓને**

# નવી માર્કેટમાં જવા અલ્ટીમેટમ

**વાપીમાં** શાકભાજીના વેપારીઓ ભેગા થઈને વિરોધ કર્યો હવે કમિટી બનાવી મનપા કમિશનરને મળશે





વાપી : વાપી મહાનગરપાલિકા બન્યા બાદ હજી વાપી પાલિકાના જૂના જીન ગમે ત્યારે બોટલમાંથી બહાર નીકળીને વિવાદ સર્જે છે. ચલામાં કસ્ટમ રોડ ઉપર નવી શાકભાજી માર્કેટ 2016માં બન્યા બાદ એક દાયકા બાદ પણ તે શરૂ થઈ શકી નથી. હવે વાપી મહાનગરપાલિકા બન્યા બાદ એક વર્ષ થઈ ગયું છે ત્યારે મનપાના અધિકારીઓ હવે એક્શન મોડમાં લાગે છે. મનપા દ્વારા જૂની શાકભાજી માર્કેટના વેપારીઓને સાગમટે નોટિસ આપ્યા બાદ શુક્રવારે જૂની શાકભાજી માર્કેટના શાકભાજીના વેપારીઓએ ભેગા થઈને વિરોધ કર્યો હતો.

વાપી મનપાએ જૂની શાકભાજી માર્કેટ ઉપર બેસતા શાકભાજીના વેપારીઓને અલ્ટીમેટમ આપીને નવી શાકભાજી માર્કેટ ઉપર બેસવા માટે જણાવ્યું હતું. જોકે વેપારીઓ નવી શાકભાજી માર્કેટનું લોકેશન બજારથી દૂર હોવાથી ત્યાં કોઈ ગ્રાહક આવશે નહીં તેવી ચિંતાને કારણે જૂની શાકભાજી માર્કેટથી હટવા તૈયાર નથી. શુક્રવારે શાકભાજી માર્કેટના બધા વેપારીઓ ભેગા થઈને આગામી દિવસની રણનીતિ નક્કી કરી હતી. જેમાં દસ જેટલા વેપારીઓની એક કમિટી બનાવીને વાપી મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીને કયા કયા મુદ્દા ઉપર રજૂઆત કરવાની તે નક્કી કરશે. જોકે હમણાં તો જૂની શાકભાજી માર્કેટને નવી જગ્યા ઉપર ખસેડવાને લઈને મનપા અને શાકભાજીના વેપારીઓ સામસામે આવી ગયા છે. મનપાના કમિશનરને શાકભાજી માર્કેટના વેપારીઓ દ્વારા આગામી દિવસોમાં એક આવેદનપત્ર આપીને પોતાની માગ રજૂ કરવા અંગે પણ આજે ભેગા થયેલા વેપારીઓએ નક્કી કર્યું હતું. વાપીના કોંગ્રેસના આગેવાન વરુણસિંહ ઠાકુરે શાકભાજીના વેપારીઓને મળીને તેમની સાથે આ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી રજૂઆત કરવા તૈયારી બતાવી હતી.

### સરદાર પટેલ ફ્રૂટ એન્ડ વેજીટેબલ માર્કેટ સામે વિરોધ કેમ?

વાપી પાલિકાએ 2016માં સરદાર પટેલના નામ સાથે નવી શાકભાજી માર્કેટ તૈયાર કરી હતી. સરદાર પટેલ ફ્રૂટ એન્ડ વેજીટેબલ માર્કેટ શરૂઆતમાં બાઉન્ડ્રીને લઈને વિવાદ થયો હતો. ત્યાર બાદ જૂની શાકભાજી માર્કેટના વેપારીઓ બજારથી દૂરનું લોકેશન હોવાથી ગ્રાહકો ત્યાં નહીં આવે તેવા ડરના કારણે નવી જગ્યાએ ગયા ન હતા. નવી શાકભાજી માર્કેટમાં ભોંય તળિયે આઠ દુકાનો છે તેમજ શાકભાજીના 45 સ્ટોલની વ્યવસ્થા છે. જ્યારે પહેલા માળે 60 સ્ટોલ છે. ચલા વિસ્તારમાં કસ્ટમ રોડ ઉપર આદિત્ય હોસ્પિટલની સામે નવી શાકભાજી માર્કેટ એક દાયકા જેવા સમયથી આમ જ બંધ પડી છે.

### મનપાએ શાકભાજીના વેપારીઓને ત્રણ દિવસનો સમય આપ્યો

વાપીમાં જૂની શાકભાજી માર્કેટ ઉપર બેસતા શાકભાજીના વેપારીઓ તેમજ પાથરણાંવાળાઓને ત્રણ દિવસમાં નવી શાકભાજી માર્કેટમાં જતા રહેવા માટે અલ્ટીમેટમ આપ્યું હોવાનું જાણવા મળે છે. જોકે મનપાની ટીમે ત્રણ દિવસમાં નવી શાકભાજી માર્કેટમાં જતા રહેવા માટે અલ્ટીમેટમ આપતા વેપારીઓમાં ફફડાટ છે. જ્યારેથી વાપી પાલિકામાંથી મહાનગરપાલિકા બની છે ત્યારથી દબાણો દૂર કરવા કે પછી કોઈ કાર્યવાહી કરવામાં મનપા કોઈ કસર બાકી રાખતી નથી.

## નવસારીના ઘેલખડી માતા ફળીયા પાસે જનરેટરની ચોરી

નવસારી : નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ જનરેટર ચોરીનો ગુનો નોંધાયો છે. વિગત મુજબ, નવસારી શહેરના ઘેલખડી માતા ફળીયા પાસે જાહેર રોડ ઉપર ચાલી રહેલી પાણીની પાઈપલાઈનના કામ માટે ભાડેથી લેવામાં આવેલા KOIL કંપનીનું 35 KVA જનરેટર અજાણ્યા ચોર દ્વારા ચોરી કરવામાં આવ્યું છે.

નવસારીના ઈટાળવા વિશાલનગર પાસે આવેલા શ્રીનાથજી કોમ્પલેક્ષ માં રહેતા અને સુપરવાઈઝર તરીકે નોકરી કરતા પ્રકાશ ભીમાભાઈ ઠાકોરે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તા. 05/01/2026 ના રોજ કોઈ અજાણ્યો ચોર ઘેલખડી માતા ફળીયા પાસે જાહેર રોડ પર આવેલા સ્થળેથી આશરે રૂપિયા 4,50,000 કિંમતનું KOIL કંપનીનું જનરેટર ચોરી કરી લઈ ગયો હતો. આ બનાવ અંગે નવસારી ટાઉન પોલીસે ગુનો નોંધાયો છે. તપાસ પી.એસ.આઈ. સી.એસ. ઠુમ્મર ચલાવી રહ્યા છે.

# વાપીમાં પ્રતિબંધિત દોરી અંગે પોલીસની કડક કાર્યવાહી

**ચાઈનીઝ** દોરી રાખનાર મોપેડ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી



વાપી: મકરસંક્રાંતિના તહેવાર દરમિયાન જાહેર સલામતી, પશુ-પક્ષીઓનું રક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ માંજા તેમજ પ્લાસ્ટિક અને નાયલોન દોરીના વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ જાહેરનામાના અમલીકરણ માટે વાપી ઉદ્યોગનગર પોલીસે ગુંજનમાં આવેલી પતંગ બજારમાં સઘન તપાસ હાથ ધરી હતી.

પોલીસ અધિકારીઓએ પતંગ બજારમાં માંજાની ગુણવત્તા અને તેની ચકાસણી કરી હતી. આ સાથે વેપારીઓને કડક સૂચના આપવામાં આવી છે કે જો કોઈ પણ દુકાનદાર પ્રતિબંધિત ચાઈનીઝ માંજાનું વેચાણ કરતા પકડાશે, તો તેમની કડક કાર્યવાહી કરાશે.

ઉદ્યોગનગર પોલીસને પેટ્રોલિંગમાં મળેલી બાતમીના આધારે પ્રાઈમ સર્કલ પાસે ૧૮ વર્ષીય અથર્વ રાણે (રહે. સરસ્વતી નગર, વાપી)ની અટકાયત કરી મોપેડની તપાસ કરતા તેમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની બે ફિરકી મળી આવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન થતાં આરોપીને બે વર્ષની કેદ-બમણા દંડની સજા

**વાપીમાં** શેરબજારમાં રોકાણના બહાને નાણાં મેળવી ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતનો ચુકાદો

વાપીઃ શેરબજારમાં રોકાણના બહાને નાણાં મેળવી, પરત આપેલા ચેક રિટર્ન થવાના કેસમાં વાપીની અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે સુરતના રહેવાસી આરોપી પિયુષકુમાર આઈ. પટેલને દોષિત ઠેરવી બે વર્ષની સખત કેદની સજા અને ચેકની રકમથી બમણી રકમનો દંડ ભરવાનો હુકમ કર્યો છે.

વાપીમાં રહેતા ફરિયાદી રાકેશ મેહરોત્રાનો વર્ષ 2014માં આરોપી પિયુષકુમાર પટેલ સાથે સંપર્ક થયો હતો. આરોપીએ શેરબજારમાં ટૂંકા સમયમાં મોટો નફો કરાવી આપવાની લાલચ આપી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. જેના આધારે ફરિયાદીએ જુલાઈથી ઓક્ટોબર 2015 દરમિયાન કુલ રૂપિયા 16,70,000નું રોકાણ કર્યું હતું.

જ્યારે ફરિયાદીએ પોતાના નાણાં પરત માંગ્યા, ત્યારે આરોપીએ ગલ્લાતલ્લા કર્યા બાદ અંતે પોતાની જવાબદારી સ્વીકારી આઈસીઆઈસીઆઈ બેંકનો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક 'ફંડ ઈનસફિસિયન્ટ'ના શેરા સાથે પરત ફરતા ફરિયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ વાપી કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.

કેસની ટ્રાયલ દરમિયાન આરોપી વારંવાર ગેરહાજર રહ્યો હોવા છતા કોર્ટે આરોપીની ગેરહાજરીમાં પણ કેસની કાર્યવાહી આગળ ધપાવી હતી. આ કેસમાં વાપીના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આઈ.આઈ. પઠાણની કોર્ટે સુરતના રાંદેર રોડ નીલકંઠ રેસીડન્સી પાલનપુર ગામમાં રહેતા આરોપી પિયુષકુમાર આઈ.પટેલને તકસીરવાર ઠરાવીને બે વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. તેમજ ચેકની રકમથી બમણી રકમનો દંડ જમા કરવા હુકમ કર્યો હતો. જો દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સખત કેદનો હુકમ કર્યો હતો. તેમજ દંડની રકમ જમા થયેથી ચેકની રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો હતો.

## નરોલીની સોસાયટીમાંથી તસ્કરો રૂપિયા 1.50 લાખની ચોરી કરી ગયા



વાપી : સેલવાસના નરોલી ગામની વેદાંતા સોસાયટીમાં મોડી રાત્રે એક બંધ મકાનમાં ચોરી થઈ હતી. આ ઘટનામાં ચાર જેટલા ચોરો સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. ચોરો રોકડ રકમ અને સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર તસ્કરો મોઢા પર રૂમાલ અને મફલર બાંધીને સોસાયટીમાં પ્રવેશ્યા હતા. તેમના હાથમાં હથોડી અને સળિયા જેવા સાધનો હતા. તસ્કરોએ એક બંધ ફ્લેટના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જે ફ્લેટમાં ચોરી થઈ હતી. તેના માલિક છેલ્લા ત્રણ દિવસથી બહારગામ હતા. સવારે સોસાયટીના અન્ય રહેવાસીઓએ ફ્લેટનું તૂટેલું તાળું જોતાં તરત જ ફ્લેટ માલિક અને નરોલી પોલીસને જાણ કરી હતી. ફ્લેટ માલિક ઘરે પરત ફર્યા બાદ તપાસ કરતા ઘરમાંથી રોકડા રૂપિયા 10,000 અને સોનાનું મંગળસૂત્ર સહિત કુલ અંદાજે રૂપિયા 1.50 લાખનો મુદ્દામાલ ચોરાયો હોવાનું સામે આવ્યું હતું. સોસાયટીના સીસીટીવી ફૂટેજ તપાસતા તસ્કરો દેખાયા હતા. આ ઘટના અંગે નરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# વાપી મનપાની લાલ આંખ વેરો ન ભરનારી 127 રૂમ સીલ

**નોટિસ** છતાં ઘરવેરો નહીં ભરનાર ચાલી માલિકો સામે વાપી મનપાએ કાર્યવાહી કરી દંડ વસુલ્યો



વાપી : વાપીઃ વાપી મહાનગરપાલિકા દ્વારા ઘરવેરો ન ભરનારા મિલકતધારકો સામે કડક કાર્યવાહીનો દોર શરૂ કરવામાં આવ્યો છે. વારંવાર નોટિસો આપવા છતાં વેરો ભરપાઈ ન કરનારા ચાલીમાલિકો સામે કાર્યવાહી કરી તંત્રએ વાપી, ચલા અને ડુંગરા વિસ્તારમાં કુલ 127 રૂમોને તાળાં મારી રૂમોના માલિકો પાસેથી સ્થળ ઉપર રૂપિયા ૪.૨૨ લાખની અને કુલ રૂપિયા ૧૬.૭૮ લાખની વેરા વસૂલાત કરવામાં આવી હતી.

વેરો ન ભરતા ચાલીના મિલકતધારકો સામે કડક કાર્યવાહી કરવા કમિશનર યોગેશ ચૌધરીએ આપેલી સૂચના આધારે નાયબ કમિશનર અશ્વિન પાઠકના માર્ગદર્શનમાં ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કર અને ટેક્ષ ઈન્સ્પેક્ટર દિપક ચભાડિયાએ ઘરવેરા ટીમ સાથે ચાલીની રૂમોના વેરા વસૂલાતનું વિશેષ અભિયાન ચલાવ્યું હતું. ચાલીના માલિકોને નોટિસો આપવા છતાં વેરો ભર્યો ન હોય કાર્યવાહી કરવામાં આવી હતી.

જે અંતર્ગત ચલામાં નિરંકારી નગર, હળપતિવાસ, અપનાઘર વગેરે વિસ્તારની ૩૯ રૂમોને તાળા મારી રૂપિયા ૬.૩૫ લાખની વસૂલાત, ડુંગરામાં ઢોડીયાવાડ, આહીરવાડ, કોળીવાડ વિસ્તારની ૭૭ રૂમોને તાળા મારી રૂપિયા ૮.૭૮ લાખની વસૂલાત અને વાપીમાં કબ્રસ્તાન રોડ, ખડકલા રોડ, ટાંકી ફળિયા વગેરે વિસ્તારની ૧૧ રૂમોને તાળા મારી રૂપિયા ૧.૬૫ લાખની વસૂલાત કરવામાં આવી હતી. હાલમાં લાંબા સમયથી વેરા ન ભરનારા ગામ વિસ્તારના ચાલીના મિલકતધારકોને નોટિસો આપવામાં આવી રહી છે અને આગામી દિવસોમાં કાર્યવાહી કરવામાં આવનાર છે. ઓક્ટોબર-૨૦૨૫ થી દર મહીને 1% મુજબ દંડકિય વ્યાજ વધતું હોય તથા મિલકત જપ્તીની કાર્યવાહી થતી હોય ચાલીના માલિક મિલકતધારકોને પોતાનો પ્રોપર્ટી ટેક્ષ સમયસર ભરવા જણાવાયું છે.

## ગુંદલાવમાં ગ્લાસ કોટેડ દોરી થ્રેડની સામગ્રી રાખનાર સામે કાર્યવાહી

વાપી/વલસાડ : ગુંદલાવમાં ગ્લાસ કોટેડ દોરી થ્રેડ કરવાની સામગ્રી રાખનાર પતંગના સ્ટોલધારક સામે વલસાડ રૂરલ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પેટ્રોલિંગ દરમિયાન ગુંદલાવ નિશાળ ફળિયામાં આવેલા કાલુ માંજા પતંગ સ્ટોલ પર તપાસ હાથ ધરી હતી. સ્ટોલ ચલાવનાર રોહન અમ્રત રાઠોડ (ઉં.27, રહે. ગુંદલાવ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે પતંગ સ્ટોલની ઝડતી કરતા ગ્લાસ કોટેડ દોરી થ્રેડ કરવાની સામગ્રીઓ મળી આવી હતી. વલસાડ જિલ્લામાં મકરસંક્રાંતિ તહેવાર દરમિયાન વહીવટી તંત્ર દ્વારા ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ માંજા, પ્લાસ્ટિક તથા નાયલોન દોરીના વેચાણ અને વપરાશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી.

**દરેક ગામ, પરા, શહેર અને મેટ્રોના એક જેવા હાલ, તંત્ર ઘૂંટણિયે**

# વિજલપોર શાકભાજી માર્કેટ, રસ્તો ગાયબ, ભીડ હાજર

**વિઠ્ઠલ** મંદિર પાસે ભરાતા બજારથી ટ્રાફિક, ગંદકીની સમસ્યા બેકાબૂ



નવસારીઃ વિજલપોર શહેરમાં વિઠ્ઠલ મંદિર પાસે રસ્તા પર ભરાતી શાકભાજી માર્કેટના કારણે રોજ સાંજના સમયે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. રસ્તા પર ફેલાતી બજાર, અસ્તવ્યસ્ત વાહનો અને પગપાળા ચાલનારાની ભીડથી મુખ્ય માર્ગ સંપૂર્ણપણે સંકુચિત બની જાય છે. પરિણામે રામનગર, સૂર્યનગર અને આંબેડકરનગર જેવા વિસ્તારોમાં લોકો ભારે મુશ્કેલી પડી રહી છે.

રહેવાસીઓનું કહેવું છે કે બાળકોને સ્કૂલથી ઘરે પહોંચવામાં મોડું થાય છે, વૃદ્ધોને રસ્તો પાર કરવો મુશ્કેલ બને છે અને દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં સમય વેડફાય છે. ઘણી વખત એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓ પણ ટ્રાફિકમાં ફસાઈ જાય છે, જે ગંભીર ચિંતા ઉપજાવે છે. અગાઉ વિજલપોર પાલિકા દ્વારા વિઠ્ઠલ મંદિરની પાછળ પતરાના શેડવાળી માર્કેટ તૈયાર કરવામાં આવી હતી, જેથી વેપારીઓને રસ્તા પરથી હટાવી વ્યવસ્થિત જગ્યા આપવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામ નગરપાલિકાએ દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું



ઉમેશ સોલંકી

ઉમરગામઃ ઉમરગામ નગરપાલિકાએ દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરતા ફફડાટ મચી જવા પામ્યો હતો. ઉમરગામ નગરપાલિકાની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે ઉમરગામ શહેરની દુકાનોમાં ચેકિંગ હાથ ધર્યું હતું અને મોટા પ્રમાણમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો કબજે લઈ દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે તેવું નગરપાલિકાના સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

### સાદડવેલ ગામ પાસે વાહનની ટક્કરે બાઇક સવાર વૃધ્ધનું મોત

ધેજ : રાનકુવા ખુડવેલ માર્ગ ઉપર સાદડવેલ ગામ પાસે અજાણ્યા વાહનની ટક્કર થી બાઇક સવાર વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના સિયાદા પ્રધાનપાડા ભૂરા ફળીયા ખાતે રહેતા ચંદુભાઇ બાબરભાઇ પટેલ (ઉ.વ-૬૩) પોતાની ટીવીએસ સેન્ટ્રો મોટર સાયકલ નં જીજે-૨૧-એફ-૮૬૩૭ લઇને રાનકુવાથી ખુડવેલ તરફ જઇ રહ્યા હતા. દરમ્યાન સાદડવેલ તાતીખાડી ફળીયા પાસે પહોંચતા પુરપાટ ઝડપે આવી રહેલા એક અજાણ્યા વાહન ચાલકે પોતાના કબ્જાનું વાહન ગફલતભરી રીતે હંકારી લાવી ચંદુભાઇ પટેલની મોટર સાયકલને ટક્કર મારતા ડિવાઇડર સાથે અથડાતા માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઇજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જોકે માનવતા નેવે મૂકી અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઇ સ્થળ ઉપરથી ફરાર થઇ ગયો હતો. બનાવ અંગેની ફરિયાદ પ્રતિશ પટેલે કરતા પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ એચ.એચ.ફળદુ કરી રહ્યા છે.

### સંજાણમાં 0.270 કિ.ગ્રામ ગાંજા સાથે એક ઝડપાયો

ઉમરગામ: ઉમરગામના સંજાણમાં મોપેડની ડીકીમાં સંતાડેલા 0.270 કિ.ગ્રામ રૂપિયા 13,500 ની કિમતના ગાંજાનો જથ્થા સાથે એક શખ્સને ઉમરગામ પોલીસે ઝડપી પાડ્યો હતો. ઈરાની ફાર્મ તરફના રસ્તા ઉપરથી સંજાણ તરફથી એક શખ્સ સુઝુકી બર્ગમેન મોપેડ નંબર જીજે 15 ઈજી 7540 આવેલો જેને ઊભી રાખવા માટે ઇશારો કરતાં તેને ઊભી રાખેલ નહીં અને પોલીસે પીછો કરી મોપેડચાલક વિજય રમણ ગુનગુનીયા (ઉં.વ.32, રહે., સંભા બારાતપાડા, તલાસરી, જિ.પાલઘર, મહારાષ્ટ્ર)ને પકડી પાડ્યો હતો. મોપેડની ડીકીમાંથી વનસ્પતિ જન્ય ગાંજાની 70 પડીકીઓ 0.270 કિલોગ્રામ કુલ કિંમત રૂપિયા 13,500 નો જથ્થો મળી આવતા કબજે લીધો હતો. પોલીસે એક મોબાઇલ ફોન કિંમત રૂપિયા 7000, રોકડા રૂપિયા 1240, મોપેડ કિંમત રૂપિયા 70,000 મળી કુલ રૂપિયા 91,740 મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### અમદાવાદ નવજીવન ટ્રસ્ટ દ્વારા રુદેય ચેરિટેબલ ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી કોકિલાબેન પંડ્યાનું સન્માન કરાયું



વાપી: અમદાવાદ સ્થિત જાણીતી અને વર્ષોથી સામાજિક વિકાસના કામો કરતી એવી સંસ્થા નવજીવન ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતમાં વિવિધ સ્થળે કાર્યરત એવી ખરેખર સમજ પરસ્ત સંસ્થાઓ અને વ્યક્તિઓને તેમની સામાજિક ઉત્થાન માટેની ઉમદા કામગીરી માટે બિરદાવવામાં આવ્યા હતાં. શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ મેમોરિયલ હોલ, ગુજરાત વિદ્યાપીઠ પાસે, ઇન્કમટેક્સ, અમદાવાદમાં તાજેતરમાં સ્નેહમિલન અને સત્કાર સમારોહનું આયોજન નવજીવન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રુદેય ચેરિટેબલ ટ્રસ્ટના વાઇસ ચેરમેન અને ફાઉન્ડર ટ્રસ્ટી કોકીલાબેન જવાહરભાઈ પંડ્યાને તેમની અવિરત સેવાઓ બદલ પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જે સંસ્થાના તમામ કાર્યકરો તેમજ વલસાડ જિલ્લાની સ્થાનિક સંસ્થા તરીકે ગર્વની વાત છે. કોકિલાબેન ભરૂચ જિલ્લા સ્થિત સેવારુરલ સંચાલિત શારદા મહિલા સોસાયટીના પણ ટ્રસ્ટી છે. સાથે આદિત્યેશ્વર મંદિર અંકલેશ્વરના પણ ટ્રસ્ટી છે. તેઓ વિવિધ યુથની કેળવણી, શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રે વિશેષ કામગીરીનો બહોળો અનુભવ ધરાવે છે. તેમજ કેટલીક નામી કંપનીમાં આઉટસોર્સ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ કમિટીના સભ્ય તરીકે તેમજ CSR તાલીમ તેમજ વિવિધ સામાજિક સંગઠનોમાં ફેકલ્ટી તરીકે પોતાની આવડતો સ્વરૂપી સેવા આપે છે.

### બિનપરવાનગી ખેર ઝાડ કાપવાના ગુનામાં ત્રણની અટક

ધરમપુર : સિદુમ્બર રાઉન્ડના કેળવણી બીટ વિસ્તારમાં વન વિભાગ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કાકડકુવા ગામે માલકી ખાતેદાર રાકેશભાઈ રમણભાઈ પટેલના સર્વે નં. ૨૯૨ માં અનામત પ્રકારના બિનપરવાનગી ખેરના ઝાડ કાપવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. સ્થળ પરથી ખેર ઝાડના કાપેલા નંગ-૦૨ તેમજ ખેરના ટુકડા નંગ-૦૪ (ઘનમીટર ૦.૦૯૧) મળી આવ્યા હતા. સદર મુદ્દામાલનું વાહન પરિવહન કરતું વાહન પણ ઝડપી પાડવામાં આવ્યું હતું. વન વિભાગ દ્વારા મુદ્દામાલ જપ્ત કરી માલનપાડા ડેપો ખાતે જમા લઈ આરોપી પૈકી રાકેશ રમણ પટેલ, (રહે.કાકડકુવા), જયદીપ નવીન પટેલ, (રહે. લાકડમાળ) અને જયરામ ધાકલ (રહે.પીંડવળ)ની અટક કરવામાં આવી હતી. સમગ્ર પ્રકરણમાં ગુનો નોંધી આરોપીઓ સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું વન વિભાગના આરએફઓ હિરેન પટેલે જણાવ્યુ હતુ.

### વલસાડના જુજવાથી બાઈકની ચોરી

વાપી/વલસાડ : વલસાડના જુજવા વિસ્તારમાંથી બાઇક ચોરી થઇ હતી. વલસાડ રૂરલ પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વલસાડ તાલુકાના જુજવા ગામ, મીલ ફળિયામાં આવેલા મકાનમાં રહેતો પ્રશાંત ધીરૂ પટેલે ગત તા.7-1-26 ના રોજ બાઇક ઘરની નીચે કાર વોશીંગની સામે પાર્ક કરી હતી. રાત્રીના સમયે તસ્કરે નકલી ચાવી અથવા અન્ય રીતે બાઇક ચોરી કરી ગયો હતો. સવારે જાગ્યા ત્યારે બાઇક નજરે પડી ન હતી અને શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો ન લાગતા વલસાડ રૂરલ પોલીસ મથકમાં બાઇક ચોરી થયાની ફરિયાદ નોંધાવી હતી.